# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-07-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

- ✓ **સ્વદેશ પરત ફરેલી ટી-20 વિશ્વકપ વિજેતા ભારતીય ટીમનું ભવ્ય સ્વાગત- આજે મુંબઇમાં વિજેય પરેડ...**
- ✓ **રાજસ્થાનના ગ્રામીણ અને કૃષિ વિકાસ મંત્રી કિરોડીલાલ મીણાએ રાજીનામું આપ્યું...**
- ✓ **આજે બ્રિટનની સંસદીય ચૂંટણીઃપ્રધાનમંત્રી ઋષિ સુનકના ભાવનો નિર્ણય થશે..**
- ✓ **ભારતમાં ગરીબીમાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો હોવાનો થિન્ક ટેન્ક N.C.A.E.R.નો દાવો..**
- ✓ **નીતિઆયોગ આજથી ત્રણ મહિનાનું સંપૂર્ણતા અભિયાન શરૂ કરશે.**

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MODI CRICKET TEAM

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હી ખાતે ટી—20 વિશ્વ વિજેતા ભારતીય ક્રિકેટ ટીમ સાથે મુલાકાત કરી હતી. ભારતીય ટીમ આજે સવારે રાષ્ટ્રીય રાજધાનીમાં લોક કલ્યાણ માર્ગ ખાતે પ્રધાનમંત્રીના આવાસસ્થાન પર પહોંચી હતી.**

**દરમિયાન કેન્દ્રિય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ભારતીય ટીમનું સ્વાગત કરતાં સામાજિક માધ્યમની એક પૉસ્ટમાં લખ્યું કે, બાર્બાડોસની ધરતી પર**

ભારતનો ત્રિરંગો લહેરાવનારી ભારતીય ટીમનું સ્વાગત કરવા સમગ્ર દેશ આતુર હતો. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના ઉપ-પ્રમુખ રાજીવ શુક્લાએ ભારતનીઆ જીતનો શ્રેય ખેલાડીઓ, ટીમ મેનેજમેન્ટ અને BCCIના અધિકારીઓને આપ્યો હતો.

નવી દિલ્હીમાં પ્રધાનમંત્રીનેમળ્યા બાદ ભારતીય ટીમ મુંબઈ માટે રવાના થશે. આજે સાંજે ટીમ મુંબઇમાં ખુલ્લી બસમાં વિજય પરેડ યોજશે. કેપ્ટન રોહિત શર્માએ ચાહકોને આ પરેડમાં જોડાવવા અપીલ કરી હતી. ભારતીય ખેલાડીઓનાં સન્માન સમારોહમાં ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ-બીસીસીઆઇ દ્વારા ટીમને 125 કરોડ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવશે.

## KIRODI LAL MEENA RESIGNS

રાજસ્થાનના કૃષિમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા કિરોડી લાલ મીણાએ મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. ડૉ. કિરોડી લાલ મીણાએ તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન જાહેરાત કરી હતી કે તેઓ પક્ષ દ્વારા આપવામાં આવેલી જવાબદારીને યોગ્ય રીતે નિભાવી નહી શકે તો રાજીનામું આપી દેશે. મળતા અહેવાલ મુજબ શ્રી મીણાએ અગાઉ ટોચના નેતૃત્વને પત્ર લખીને રાજીનામું આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જે મંજૂર થતાં તેમણે રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. તેઓ સવાઈ માધોપુરથી ધારાસભ્ય છે.

ઉલ્લેખનીય છે કે ડૉ. કિરોડી લાલ મીણાએ લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન જાહેરાત કરી હતી કે, જો ભાજપના ઉમેદવાર દૌસા બેઠક પર હારી જશે અને પ્રધાનમંત્રી શ્રી મોદીએતેમને સોંપેલી 7 બેઠકો ઉપર ભાજપ હારી જશે તો તેઓમંત્રી પદ છોડી દેશે. ભાજપે લોકસભા ચૂંટણીમાં દૌસા બેઠક સહિત કરૌલી-ધોલપુર, ટોંક-સવાઈ માધોપુર અને ભરતપુર બેઠક પર હારનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન રાજસ્થાનમાં 5 વિધાનસભા બેઠકો- ઝુંઝુનુ, ખિનવસર, દૌસા, દેવલી-ઉનિયારા અનેચૌરાસી પર ટૂંક સમયમાં પેટાચૂંટણી યોજાશે.

# UK ELECTIONS

આજે બ્રિટનમાં યોજાઇ રહેલી સામાન્ય ચૂંટણીમાં કરોડો મતદારો તેમનાં મતાધિકારનો ઉપયોગ કરી રહ્યાં છે. ભારતીય સમય પ્રમાણે આજે બપોરે સાડા બાર વાગે મતદાન શરૂ થયેલું મતદાન આવતીકાલે વહેલી સવારે સાડા ત્રણ વાગ્યા સુધી ચાલુ રહેશે. મતદાન પૂર્ણ થાય પછી તરત જ મત ગણતરી શરૂ થશે, જેમાં દેશનાં આગામી પ્રધાનમંત્રી કોણ હશે તે નક્કી થશે.

મે મહિનામાં પ્રધાનમંત્રી ઋષિ સુનકે ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે અચાનક સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. 14 વર્ષથી સત્તા પર રહેલી કોન્ઝરવેટિવ પાર્ટી માટે સત્તા ટકાવી રાખવી મુશ્કેલ હોવાનું કહેવાય છે. ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા પ્રધાનમંત્રી સુનકની કન્ઝરવેટિવ પાર્ટી અને તેમનાં વિરોધી લેબર પાર્ટીનાં સર કિયર વચ્ચે છે. મતદારોને આકર્ષવા બંને પક્ષોએ તીવ્ર પ્રચાર કર્યો છે. રાજકીય નિષ્ણાતોએ આ ચૂંટણીને ઐતિહાસિક ગણાવીને લેબર પાર્ટીનાં વિજયની સંભાવના વ્યક્ત કરી છે.

## SCO

વિદેશ મંત્રી ડૉ એસ. જયશંકર આજે કઝાકસ્તાનના અસ્તાનામાં યોજાઈ રહેલી શાંઘાઈ સહકાર સંગઠન SCO ની બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. બેઠક દરમિયાન છેલ્લા બે દાયકામાં સંગઠનની પ્રવૃત્તિઓની સમીક્ષા કરાશે.

રાજ્ય અને બહુપક્ષીય સહકારની સંભાવનાઓ વિશે તથા પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે. ભારતે, SCOના તેના પ્રથમ પ્રમુખપદ હેઠળ, ગયા વર્ષે 4 જુલાઈએ વર્ચ્યુઅલ માધ્યયમથી 23મી બેઠકનું આયોજન કર્યું હતું.

# JAISHANKAR-CHINA FM

વિદેશમંત્રી ડૉ એસ જયશંકરે આજે અસ્તાનામાં ચીનના વિદેશમંત્રી વાંગ યી સાથે મુલાકાત કરીને સરહદી વિસ્તારોના પ્રશ્નોના વહેલા ઉકેલ અંગે ચર્ચા કરી હતી..

ડૉ. જયશંકરે કહ્યું કે, વાસ્તવિક નિયંત્રણ રેખા LACનું સન્માન કરવું અને સરહદી વિસ્તારોમાં શાંતિ સુનિશ્ચિત કરવી જરૂરી છે. તેમણે પરસ્પર સન્માન, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પર હિત ભારત-ચીન દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારશે તેમ જણાવ્યું હતું. બંને પક્ષો રાજદ્વારી અને લશ્કરી માધ્યમો દ્વારા બમણા પ્રયત્નો કરવા સંમત થયા હતા.

## LSE FELLOWSHIP

જાણીતા અર્થશાસ્ત્રી અને નીતિ નિર્માતા શ્રી એન.કે.સિંહે ભારત વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું હોવાનું કહ્યું છે. લંડન સ્કૂલ ઑફઈકોનો મિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સમાં પ્રતિષ્ઠિત ઓનરરી ફેલોશિપથી સન્માનિત કરાયા બાદ સંબોધન કરતાં તેમણે આમ જણાવ્યુ હતું. તેમણે સ્વતંત્રતાની શતાબ્દી વર્ષગાંઠના સમયે દેશના ગૌરવશાળી ઇતિહાસ અને ઉચ્ચ વૃદ્ધિની અર્થવ્યવસ્થા તરીકે તેની શોધનો ઉલ્લેખ કર્યો હતો.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## INDIA POVERTY DOWN

ભારતમાં ગરીબીમાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો હોવાનો દાવો થિન્ક ટેન્ક N.C.A.E.R.એ પોતાના અહેવાલમાં કર્યો છે. N.C.A.E.R.ના સરવે મુજબ, વર્ષ 2011-

12થી લઈ અત્યાર સુધીમાં ગરીબીનો દર 21 ટકાથી ઘટીને 8.5 ટકા થયો છે. આ સરવેમાં કહેવાયું છે કે, ગ્રામ્ય વિસ્તારમાં ગરીબીનું પ્રમાણ ઝડપથી ઘટી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં ગરીબીનું પ્રમાણ 24.8 ટકાથી ઘટીને 8.6 ટકા, જ્યારે શહેરી વિસ્તારમાં ગરીબીનું પ્રમાણ 13.4 ટકાથી ઘટીને 8.4 ટકા થયું છે.

## PM-VIVEKANANDA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સ્વામી વિવેકાનંદને તેમની પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. સોશિયલ મિડીયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે, સ્વામી વિવેકાનંદનો બોધપાઠ કરોડો લોકોને શક્તિ પ્રદાન કરે છે. તેમણે જણાવ્યું કે, વિવેકાનંદની બુદ્ધિમત્તા અને જ્ઞાનની સતત શોધ બહુ પ્રેરક છે. પ્રધાનમંત્રીએ સમૃધ્ધ અને પ્રગતિશીલ સમાજનાં નિર્માણનું સ્વામી વિવેકાનંદનું સ્વપ્ન પૂર્ણ કરવાની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

## HIMACHALPRADESH BHUSKHALAN

હિમાચલપ્રદેશમાં ગઈકાલે ભારે વરસાદના કારણે રાજ્યના અનેક ભાગમાં ભેખડ ધસી પડી હતી. આના કારણે 115 માર્ગ અવરજવર માટે બંધ કરાયા છે. કેટલીક જગ્યાએ ભેખડ ધસી પડવાના કારણે પરિવહન નિગમની અનેક બસ પણ ફસાઈ ગઈ છે.

આ ઉપરાંત 212 ટ્રાન્સફોર્મર બગડી જતાં અનેક વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો છે. લોક નિર્માણ વિભાગના અધિકારીએ જણાવ્યું કે ભેખડના કાટમાળને હટાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે અને બપોર બાદ મોટા ભાગના રસ્તાઓ પર અવરજવર શરૂ થવાની આશા છે.

## SAPURNTA ABHIYAN

નીતિ આયોગે આજથી ત્રણ મહિનાના સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ ઝુંબેશ અંતર્ગત નક્કી કરાયેલા મહત્વકાંક્ષી જિલ્લાઓ અને વિસ્તારોમાં છ મુખ્ય

સૂચકાંક હાંસલ કરવાનો લક્ષ્યાંક છે. આ સૂચકાંકોમાં આરોગ્ય, પોષણ, કૃષિ, શિક્ષણ અને રોજગાર સમેલ છે. 30 ઑક્ટોબર સુધી ચાલનારા અભિયાન અંતર્ગત 112 જિલ્લાઓ તેમજ 500 બ્લૉકમાં વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે.

ઝુંબેશ અંતર્ગત નીતિ આયોગ કેટલાક કાર્યોની યાદી જિલ્લાઓ અને બ્લૉકમાં ઉપલબ્ધ કરાવશે, જેને જે – તે જિલ્લામાં અમલી બનાવાશે. આ ઉપરાંત ઝુંબેશને ઝડપી બનાવવા તેમજ લોકભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે નિયમિત રૂપે લોક સંપર્કનું આયોજન કરાશે.

## HAMAS-ISRAEL

હમાસે જણાવ્યું છે કે, ગાઝા પટ્ટીમાં ઇઝરાયેલ સાથેનાં યુધ્ધનો અંત લાવવા માટે તેણે કતાર અને ઇજિપ્તના મધ્યસ્થીઓનો સંપર્ક કર્યો છે. એક નિવેદનમાં હમાસે જણાવ્યું છે કે, પેલેસ્ટાઇની નાગરિકો પરના આક્રમણને અટકાવવા તેણેમ ધ્યસ્થીઓ સાથે કેટલાંક વિચારોની આપલે કરી છે.

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, તેમને હમાસની પ્રતિક્રિયા મધ્યસ્થીઓ દ્વારા મળી છે.તેમણે જણાવ્યું કે, ઇઝરાયેલ હમાસની પ્રતિક્રિયાનો અભ્યાસ કરશે અને તેનો જવાબ આપશે.

## BIDEN PRESIDENT RACE

વ્હાઇટ હાઉસે જણાવ્યું છે કે, અમેરિકન પ્રમુખ જો બાઇડેન પ્રમુખપદની આગામી ચૂંટણીમાં ઉમેદવારી કરશે. વ્હાઇટ હાઉસના પ્રેસ સચિવ કેરિન જીન-પિયરેએ ગઈકાલે જણાવ્યું હતું કે, પ્રમુખ બાઇડેન પ્રમુખપદની ચૂંટણીમાં ડેમોક્રેટીક પાર્ટીના ઉમેદવાર તરીકે ઝુકાવી રહ્યા છે.

આ અગાઉ ચૂંટણી ડિબેટમાં રિપબ્લિકન ઉમેદવાર અને ભૂતપુર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે નબળાં દેખાવને પગલે જો બાઇડન પર ઉમેદવારી ન કરવા

દબાણ વધ્યું હતું. માધ્યમોનાં અહેવાલ પ્રમાણે બાઇડેન ગઈકાલે ડેમોક્રિટક પક્ષનાં ગવર્નરોનાં એક જૂથને પણ મળ્યા હતા.

# GOVT-SMARTCITY MISSION

સરકારે જણાવ્યું છે કે, સ્માર્ટ સિટી મિશન હેઠળ 100 શહેરોએ તેનાં કુલ વિકાસ પ્રોજેક્ટ્સમાંથી 90 ટકા કાર્ય પૂર્ણ કર્યા છે, જેનું મૂલ્ય એક લાખ 44 હજાર કરોડ રૂપિયા થાય છે.

શહેરોને પ્રોત્સાહન આપવા વર્ષ 2015માં આ મિશન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં સ્માર્ટ સોલ્યુશન્સ દ્વારા નાગરિકોને મુળભુત સુવિધાઓ, સ્વચ્છ અને સાતત્યપૂર્ણ વાતાવરણ પૂરાં પાડવામાં આવે છે અને તેમનાં જીવનની ગુણવત્તામાં સુધારો કરવામાં આવે છે. રાજ્યો અને શહેરો દ્વારા બાકીનાં 10 ટકા પ્રોજેક્ટ્સ પુર્ણ કરવાની માંગણીને સ્વીકારીને મંત્રાલયે મિશનનો સમયગાળો લંબાવીને 31 માર્ચ કર્યો છે.